જનસંપર્ક અધીકારી દ્વારા
પોલીસ કમિશનરશ્રીની કચેરી,
અમદાવાદ શહેર (P.R.O.)
ટેલીફોન નંબર ૨૫૬૩૩૩૩૩
કંટ્રોલરૂમ ટેલી.નં. ૨૫૬૩૦૧૦૦,૨૫૬૩૦૨૦૦,
૨૫૬૩૦૪૦૦ ફેક્સઃ ૨૫૬૩૦૬૦૦

**તા.૧૬/૧૨/૨૦૨૪ સોમવાર**

# અમદાવાદ શહેર પોલીસ સમાચાર

## નશાબંધી તથા જુગાર ધારા હેઠળ ઝડપાયાઃ- સમાચાર યાદી નં.૧૮૪૧/૨૦૨૪

શહેર પોલીસે ગઈકાલે નશાબંધી ધારા હેઠળ ૫૪ કેસ કરી, ૫૦ વ્યક્તિઓને ઝડપી, ૪૧૮ લીટર દેશી દારૂ, ૧૯ બોટલ ઈંગ્લીશ દારૂ અને ૧૪ ક્વાર્ટર ઈંગ્લીશ દારૂ કબજે કર્યો હતો. તેમજ જુગાર ધારા હેઠળ ૩ કેસ કરી ૧૫ વ્યક્તિઓને ઝડપી રોકડ રૂપિયા ૧૦,૮૭૦/- અને જુગારના સાધનો કબજે કર્યા હતા.

## તકેદારીના પગલા હેઠળ ઝડપાયાઃ- સમાચાર યાદી નં.૧૮૪૨/૨૦૨૪

શહેર પોલીસે ગઈકાલે તકેદારીના પગલા હેઠળ બી.એન.એસ.એસ.૧૨૬,૧૨૮,૧૨૯,૧૭૦ મુજબ ૫૦ વ્યક્તિઓની અટકાયત કરી હતી.

## આત્મહત્યાઃ- સમાચાર યાદી નં.૧૮૪૩/૨૦૨૪

**બોડકદેવઃ** ઉષાબહેન ભરતભાઇ પટેલ (ઉ.વ.૫૮) (રહે. સી/૩૦૨, હરી દર્શન એવન્યુ, સાયન્સ સીટી રોડ, સોલા) એ માનસીક બિમારીથી કંટાળી તા.૧૫/૧૨/૨૦૨૪ બપોરના ૪/૦૦ વાગ્યાના સુમારે રહેણાંકની બાજુમાં આવેલ શાંતિકુંજ બ્લીસ “બી” બ્લોકના તેરમા માળથી પડતું મુકી આત્મહત્યા કરી હતી. આ અંગે બોડકદેવ પોલીસે અકસ્માત મોત નોધી આ અંગેની તપાસ પો.સ.ઈ.શ્રી વી.યુ.રહેવર ચલાવે છે.

**રામોલઃ** સી.ટી.એમ સિંઘવાઇ માતાના મંદીર પાછળ અંબાનગર ખાતે રહેતા રાજુભાઇ કેશવલાલ ખત્રીના સગીર વયના પુત્ર એ બિમારીથી કંટાળી તા.૧૫/૧૨/૨૦૨૪ બપોરના ૪/૩૦ વાગ્યા પહેલા પોતાના ઘરે છતના હુકમાં દોરી બાંધી ગળેફંસો ખાઈ આત્મહત્યા કરી હતી. આ અંગે રામોલ પોલીસે અકસ્માત મોત નોધી આ અંગેની તપાસ મ.સ.ઇ.શ્રી લક્ષ્મણભાઇ બાબુભાઇ ચલાવે છે.

**ગોમતીપુરઃ** ગૂરૂદીપસિંઘ તારાસિંઘ રતનપાલ (ઉ.વ.૩૮) (રહે. ગજાનંદની ચાલી પટેલ મીલ સામે ગોમતીપુર) એ માનસીક બિમારીથી કંટાળી તા.૧૫/૧૨/૨૦૨૪ બપોરના ૧/૩૦ વાગ્યા પહેલા પોતાના ઘરે છતના ભાગે લોખંડની ગડર ઉપર દુપટ્ટો બાંધી ગળે ફાંસો ખાઈ આત્મહત્યા કરી હતી. આ અંગે ગોમતીપુર પોલીસે અકસ્માત મોત નોધી આ અંગેની તપાસ હે.કો.શ્રી સંજયભાઇ માલજીભાઇ ચલાવે છે.

પોલીસ ઇન્સ્પેક્ટર,
કંટ્રોલરૂમ, અ'વાદ શહેર.
પોલીસ કમિશનર વતી